## **શ્રી લક્ષ્મણજી ઠાકોર, ધારાસભ્ય, ૩૮–કલોલનું**

## **માન. રાજયપાલશ્રીના સંબોધન પર પ્રવચન.**

**માન.અધ્યક્ષશ્રી,**

૧૫મી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રના પ્રારંભે મહામહિમ રાજયપાલશ્રીએ ગુજરાત વિધાનસભાને સંબોધન કરવા બદલ માન.ધારાસભ્યશ્રી નરેશભાઈ પટેલ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે અને માન. ધારાસભ્યશ્રી કેશાજી ઠાકોરે પ્રસ્તાવને અનુમોદન આપેલ છે. તેને હું સમર્થન સાથે મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

**માન.અધ્યક્ષશ્રી,**

ગુજરાત એ માત્ર ચાર અક્ષરનો બનેલો શબ્દ નથી પરંતુ લાખો–કરોડો લોકોના સપના સાકાર કરવાનું સ્થળ છે. ગુજરાતની આ છબી રાતોરાત બની નથી. બે દાયકા પૂર્વ ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે સૌનો સાથ અને સૌનો વિકાસ સાથે શરૂ કરેલી વિકાસયાત્રાનું પરિણામ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

વર્ષ ૨૦૦૩માં બે દાયકા પહેલાં વાઈબ્રન્ટ ગુજરાત સ્વરૂપે વાવેલું નાનકડું બીજ આજે વિશાળ અને વાઈબ્રન્ટ વટવૃક્ષ બની ગયું છે.

**માન.અધ્યક્ષશ્રી,**

છેલ્લા ૨૭ વર્ષથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર રહી છે. આ સરકાર દ્વારા માત્ર વિકાસની રાજનીતિના મંત્ર સાથે જનસુખાકારીના અને રાજ્યના વિકાસ માટેના જ આયોજન કર્યા છે. આ સરકારે માત્ર રાજ્યની સાડા છ કરોડની જનતાની સુખાકારીની જ ચિંતા કરી છે.

**માન.અધ્યક્ષશ્રી,**

મૃદુ, મીતભાષી એવા માનવંતા રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સુશાસન આપીને જે રીતે વિકાસ કર્યો છે તેના થકી ગુજરાત દેશના અગ્ર હરોળના રાજ્ય તરીકે શાખ પામેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

માન.રાજ્યપાલશ્રીએ તેમના પ્રવચનમાં રાજ્યના સર્વાંગી વિકાસની સાથે સાથે સર્વ સમાવેશક વિકાસની ઝલકનો પોતાના પ્રવચનમાં સમાવેશ કર્યો છે.

**માન.અધ્યક્ષશ્રી,**

ગામાના છેવાડાના માનવીને પણ તમામ સરકારી યોજનાઓનો લાભ મળી રહે તે રાજય સરકારની નેમ છે. ત્રિસ્તરીય પંચાયતી માળખાને સુદ્રઢ બનાવવા ગ્રામ, તાલુકા, જિલ્લા પંચાયતના મકાનોનું નવિનીકરણ, રેકર્ડનું મોર્ડનાઈઝેશન અને ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ કરી ગામડાઓના સર્વાંગી વિકાસ માટે જરૂરી પગલા સરકાર લઈ રહી છે.

**માન.અધ્યક્ષશ્રી,**

પંચાયતી રાજ્યની વહીવટી કામગીરી વધુ ઉર્જાવાન બનાવવા છેલ્લા બે વર્ષમાં પંચાયત વિભાગ દ્વારા વર્ગ–૩ની વિવિધ ૧૭ સંવર્ગની કુલ ૧૨,૭૮૬ જગ્યાઓ પર નિમણૂક પત્ર એનાયત કરવામાં આવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

૧૫માં નાણાપંચ અંતર્ગત પાંચ વર્ષમાં સને ૨૦૨૫–૨૦૨૬ સુધીમાં રાજ્યને કુલ રૂ. ૧૫,૬૫૦/– કરોડની માતબર રકમ કેન્દ્ર સરકાર તરફથી મળનાર છે. જે પૈકી રાજ્ય સરકાર દ્વારા અત્યાર સુધીમાં મળેલ રૂ. ૯૨૩૯.૫૦ કરોડની ગ્રાંટ પંચાયતોના ખાતામાં જમા કરી દેવામાં આવી છે. જે પૈકી ચાલુ વર્ષે રૂ. ૨૨૦૦ કરોડના કુલ ૩૪,૦૦૦ જેટલા કામોના લોકાર્પણ/ખાતમુર્હત કરવામાં આવેલા છે.

**માન.અધ્યક્ષશ્રી,**

નાણાપંચની ગ્રાન્ટમાંથી થનાર તમામ કામો માટે આયોજન તૈયાર કરવાથી લઈને ચુકવણી સુધીની તમામ કામગીરી “ઈ ગ્રામ સ્વરાજ પોર્ટલ” મારફતે “ઓનલાઈન” કરવામાં આવે છે.

**માન.અધ્યક્ષશ્રી,**

રાજ્યની ૧૦૦ ટકા ગ્રામ પંચાયતોને પંચાયત ઘરો ઉપલબ્ધ થાય તેવા હકારાત્મક અભિગમ સાથે રાજ્યની તમામ જર્જરીત ગ્રામ પંચાયતો અને ઘરવિહોણી ગ્રામ પંચાયતોના મકાનનું બાંધકામ ઝડપથી પૂર્ણ કરવા સત્તાનું વિકેન્દ્રીકરણ કરી ગ્રામ પંચાયત ઘર બનાવવા માટેની તમામ સત્તા જિલ્લા વિકાસ અધિકારીશ્રીને આપવામાં આવેલ છે. જે અંતર્ગત વર્ષ ૨૦૧૬ થી

ચાલુ વર્ષ ૨૦૨૩–૨૪ સુધીમાં કુલ ૫૬૮૮ નવીન ગ્રામ પંચાયત ઘર મંજૂર કરવામાં આવેલ છે. જે પૈકી ૩૩૦૫ ગ્રામ પંચાયત ઘરો પૂર્ણ થયેલ છે તથા ૧૭૦૭ ગ્રામ પંચાયત ઘરો પ્રગતિ હેઠળ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

ગ્રામ વિસ્તારોમાં સરકારી યોજનાઓ સહજ રીતે સુલભ થાય તેમજ ગામડાના લોકોને દૂર સુધી કામગીરી અર્થે જવુ ન પડે તે માટે મોટી જૂથ ગ્રામ પંચાયતોનું વિભાજન કરી નવીન ગ્રામ પંચાયત બનાવવામાં આવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલ મંત્ર "સૌનો સાથ સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ" આધાર બનાવીને આપણે સૌ ગુજરાતના વિકાસ માટે પ્રયત્નશીલ રહીએ અને સાડા ૬ કરોડ ગુજરાતીઓના કલ્યાણ અને સમૃદ્ધિ માટે કટીબદ્ધ બનીએ એજ અભ્યર્થના સાથે હું રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવને સમર્થન આપી વિરમું છું.